કાર્યપાલક ઈજનેર

સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન–બી(કનકપુર),
સ્વામિનારાયણ મંદિરની
બાજુમાં,કનકપુર, સુરત
FAX : 91-0261-2272147
PHONE : 6359905030


નં. સા.ઝોન–બી /ટેક/૨૧૬૭
તા. ૦૮/ ૦૭/૨૦૨૫

**પ્રતિ,**

........................
........................
........................
........................

**<u>વિષય</u> : સાઉથ ઝોન–બી (કનકપુર)માં સમાવિષ્ટ સચીન, કનકપુર–કનસાડ, પારડી–કણદે, પાલી, તલંગપોર અને ઉબેરના જુદાં–જુદાં વિસ્તારોમાં રોજેરોજ પાણી પુરવઠાની વાલ્વ ઓપરેટ અને પંપ ઓપરેટની કામગીરી કરવા બાબત.**

**મહાશય,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સાઉથ ઝોન– બી (કનકપુર) માં સમાવિષ્ટ સચીન, કનકપુર–કનસાડ, પારડી–કણદે, પાલી, તલંગપોર અને ઉંબેરનાં જુદાં–જુદાં વિસ્તારોમાં બોરીંગ તેમજ GWSSB થકી પાણી પુરવઠા પુરો પાડવામાં આવે છે. જે અંતર્ગત GWSSBની પાણીની લાઈન પર રહેલ વાલ્વને ઓપરેટ કરવાની કામગીરી, ત્યાં રહેલ બોરીંગની મોટરને ચાલુ–બંધ કરવાની કામગીરી, પાણીને અંડર ગ્રાઉન્ડ સમ્પમાં ભરવાની કામગીરી, અંડર ગ્રાઉન્ડ સમ્પ માંથી મોટર ઓપરેટ કરી ઓવરહેડ ટાંકામાં ભરવાની કામગીરી, ઓવરહેડ ટાંકામાંથી વાલ્વ ઓપરેટ કરી પાણી સપ્લાય કરવાનાં કામ તથા ઉંબેર અને તલંગપુર RO પ્લાન્ટ ઓપરેટ કરવાના કામે નીચે જણાવેલ વિગતેનું ભાવપત્રક નીચે સહી કરનારને **તા.૧૪/૦૭/૨૦૨૫** સમય સાંજે ૬.૦૦ કલાક સુધીમાં ઈ.એમ.ડી. ની રકમ રૂા. ૧૫,૦૦૦/– (ડી.ડી./ બેન્કર ચેક) સાથે અત્રેની કચેરીમાં મોકલવા ઘટતું કરશો.

| Sr. No. | ITEM | Quantity (Approx) | Per | Rate per month | Amount month | Remarks |
|---|---|---|---|---|---|---|
| 1. | **સાઉથ ઝોન – બી (કનકપુર)માં સમાવિષ્ટ સચીન, કનકપુર–કનસાડ, પારડી–કણદે, પાલી, તલંગપોર અને ઉબેરના જુદાં–જુદાં વિસ્તારોમાં રોજેરોજ પાણી પુરવઠાની ૪૨ વાલ્વ સહિત ૧૬ પંપ ઓપરેટ કરવાનું કામ.** | **૪૨ વાલ્વ અને ૧૬ પંપ** | No. | | | |

**<u>શરતો :</u>**

(૧) ઉપરોકત દર્શાવેલ કામો જેવા કે, વાલ્વ ઓપરેટ કરવાની કામગીરી, મોટર ઓપરેટ કરી અંડર ગ્રાઉન્ડ સમ્પમાં પાણી ભરવાની કામગીરી તથા અંડર ગ્રાઉન્ડ સમ્પમાંથી મોટર ઓપરેટ કરી ઓવરહેડ ટાંકામાં ભરવાની કામગીરી તથા ઓવરહેડ ટાંકામાંથી વાલ્વ ઓપરેટ કરી પાણી સપ્લાય કરવાની કામગીરી સંપૂર્ણપણે જે તે ઈજારદારને કરવાની રહેશે.

(૨) વાલ્વ ઓપરેટ અને પમ્પ ઓપરેટની કરેલ કામગીરીનું અનુભવનાં પ્રમાણપત્ર બિનચુક રજુ કરવાનાં રહેશે અન્યથા કવોટેશન માન્ય રાખવામાં આવશે નહિ.

(૩) ઉપરોકત કામગીરીમાં ઓછામાં ઓછા ૧૦ (દસ) લેબર રાખવાના રહેશે.

(૪) પાણીનો પુરવઠો નકકી કરેલ નિયત્ત સમય પ્રમાણે બિનચૂક આપવાનો રહેશે.

(૫) ૪૨ (બેતાળીસ) વાલ્વ સહિત ૧૬ (સોળ) પંપ ઓપરેટ કરવાનો ભાવ આપવાનો રહેશે.

(૬) ઉપરોકત કામે ભાવો ૦૧ (એક) માસ માટે આપવાના રહેશે.

(૭) ઈજારદારેવાલ્વની સાઈઝ મુજબ દરેક સાઈઝની ઓછામાં ઓછી એક ચાવી તેમજ કેપ સ્પેર તરીકે પોતે બનાવવાની રહેશે કે જેથી વાલ્વનું ઓપરેશન બરાબર થાય અને પાણી પુરવઠાને અસર પહોંચે નહી.

(૮) સ્લુઝવાલ્વ ઓપરેટ કર્યા બાદ ચેમ્બરના ઢાંકણ વ્યવસ્થિત બંધ કરવાના રહેશે. ઢાંકણ ખોલવા માટેના સળીયા, આંકડી ઈજારદારે બનાવવાની રહેશે.

(૯) ઈજારદારે પોતાને કરવાની કામગીરીની સંપુર્ણ જાણકારી મેળવી લેવાની રહેશે. ઈજારદારે પોતે એક જવાબદાર વ્યકિત/સુપરવાઈઝર ની નિમણુંક કરવાની રહેશે જેણે આ કામગીરી પર દેખરેખ રાખવાની રહેશે.

(૧૦) ઈજારદારે આ કામગીરી માટે રોકવામાં આવેલ પોતાના કર્મચારીઓને ઓળખપત્ર/બીલ્લા બનાવી મહાનગરપાલિકા તરફે પ્રમાણિત કરાવવાના રહેશે.

(૧૧) ઈજારદાર પાસે પોતાનો મોબાઈલ ફોન હોવો જરૂરી છે તેમજ તેઓનાં તમામ સ્ટાફનાં મોબાઈલ નંબર સંબંધિત આસી./જુની. ઈજનેરને લેખિતમાં જણાવવાનાં રહેશે. ઈજારદાર તેમજ તેઓનાં તમામ સ્ટાફનાં મોબાઈલ ફોન ૨૪ કલાક ચાલુ રાખવાનાં રહેશે.

(૧૨) પાણી પુરવઠાને અસર ન થાય તે માટે ઈજારદારે પુરતી સંખ્યામાં કામદારો/કર્મચારીઓ રોકવાના રહેશે.

(૧૩) વિજળી પુરવઠાનો અભાવ, રીપેરીંગની કામગીરી જેવા આકસ્મિક સંજોગોને કારણે પાણી પુરવઠાના સમયમાં ફેરફાર કરવામાં આવે તે મુજબ વાલ્વ ખોલ–બંધ કરવાના રહેશે. આ માટે કોઈ વધારાની ચુકવણી કરવામાં આવશે નહી.

(૧૫) ભારે વરસાદ, આગ, અકસ્માત, કરફયુ જેવા સમયે પણ આ કામગીરી નિયમિત કરવાની રહેશે. આવા સમયે જરૂર પડયે ફકત આ કામગીરી માટે મહાનગરપાલિકા કરફયુ પાસ કે એવી જરૂરી વ્યવસ્થા માટે મદદરૂપ થશે.

(૧૬) ઈજારદારના કામદાર/કર્મચારીઓને કોઈ અકસ્માત થાય કે ઈજા થાય તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. આ કામગીરી માટે ઈજારદારને તમામ સલામતીના પગલાં લેવાના રહેશે.

(૧૭) આકસ્મિક સંજોગોમાં કોઈ વાલ્વ ન ખુલે કે બંધ ન થાય તેની જાણ તાકિદે સંબંધિત આસી./જુની.ઈજનેરશ્રીને કરવાની રહેશે.

(૧૮) આ ઈજારો મળ્યેથી ઈજારદારે દિન–૧૦ માં જરૂરી કિંમતના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરી આપવાનું રહેશે તેમજ ઈજારાની કુલ કિંમતના ૨% રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તેમજ ચુકવવાની રકમના ૭% રકમ રીટેન્શન મની તરીકે બીલમાંથી કાપવામાં આવશે. ઉપર સુચવાયેલ ડીપોઝીટની રકમ, વર્કઓર્ડરની તારીખથી દિન–૧૦(દશ) માં જમા કરાવવાની રહેશે. અન્યથા પ્રતિદિન સીકયોરીટી ડીપોઝીટની રકમનાં ૦.૦૬૫% લેખે દંડ વસુલ કરવામાં આવશે.

(૧૯) કોઈપણ સંજોગોમાં ઈજારદાર આ કામગીરીમાં નિષ્ફળ જશે અને ઈજારદારની નિષ્કાળજીને કારણે પાણી પુરવઠો ખોટકાઈ તો દરેક પાણી પુરવઠા (પાણી સપ્લાય) દીઠ રૂા.૩,૦૦૦–૦૦ દંડ પેટે વસુલ કરવામાં આવશે તેમજ ખોટકાયેલ પાણી પુરવઠો અન્ય સમયે આપવાનો થાય તો ઈજારદારે વધારાની કોઈપણ રકમ માંગ્યા સિવાય વાલ્વ ખોલ–બંધ કરી આપવાના રહેશે.

(૨૦) આ કામગીરી કોઈપણ પ્રકારની રજા વિના રોજે–રોજ કરવાની રહેશે. જે માટે ઈજારદારે તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૧) તમામ સ્લુઝવાલ્વ/બટરફલાય વાલ્વ ઓપરેશનની કામગીરી સંબંધિત આસી./જુની.ઈજનેરની દેખરેખ હેઠળ અને સૂચના મુજબ કરવાની રહેશે.

(૨૨) વાલ્વ ચેમ્બરો વખતો વખત સાફ કરવાના રહેશે.

(૨૩) ઈજારદારે આ કામગીરી માટે રોકવામાં આવેલ પોતાના કર્મચારીઓને યુનિફોર્મ તથા સેફટી જેકેટ આપવાનાં રહેશે, જે દરેક કર્મચારીઓએ કામગીરી વખતે પહેરવાનાં રહેશે.

(૨૪) ઈજારદારે આ કામગીરી દરમ્યાન સ્થળ પર સાવચેતી સુચક બોર્ડ રાખવાનાં રહેશે.

(૨૨) ઈજારાની મુદૃત દરમ્યાન જો ઈજારદાર દ્વારા આ કામગીરી સંતોષકારક રીતે બજાવતા ન હોવાનું જણાશે અથવા અસફળ કામગીરી સામે ઈજારો ટર્મીનેટ કરવાનો તથા સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે.

(૨૫) ઓપરેટ કરવામાં આવતાં વાલ્વનાં ચેમ્બર્સ સંપૂર્ણ રીતે સાફ રહે તે માટે સમયાંતરે ઈજારદારે સાફ–સફાઈ કરવાની રહેશે. વધુમાં, જયારે ઈજારદારને સૂચના આપવામાં આવે ત્યારે પણ ચેમ્બર સાફ કરવાનાં રહેશે. આ સાફ–સફાઈ માટે કોઈ વધારાનો ચાર્જ સુરત મહાનગરપાલિકાએ ચૂકવવાનો રહેશે નહી.

(૨૬) સદર કામગીરી દરમ્યાન સ્થળ પર કામ કરતાં કામદારો / મજૂરોમાં બાળ મજૂરો કોઈપણ સંજોગોમાં કામે રોકવા નહી. જો સદર કામમાં બાળ મજૂરો કામે રાખ્યા હશે / કામ કરતાં હશે તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે.

(૨૭) ઈ.એસ.આઈ. તથા પ્રોવીડન્ટ ફંડના કાયદાઓ, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) ગુજરાત નિયમો, ૧૯૭૨ ની જોગવાઈઓ તથા નિયત કરારની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવું જરૂરી હોય લાયસન્સ મેળવ્યા સિવાય કામ ચાલુ કરવામાં આવે તો ઉપસ્થિત સર્વાગી જવાબદારી ઈજારદારના શીરે રહેશે.

(૨૮) ઈજારાની મુદત દરમ્યાન વાલ્વ ઓપરેશનની કામગીરી સ્થગિત કરવાની મહાનગરપાલિકાને ફરજ પડશે તો કોઈપણ કારણ બતાવ્યા વિના સુરત મહાનગરપાલિકા આ ઈજારો અધવચ્ચેથી રદ કરી શકશે.

(૨૯) પાણી પુરવઠાના સમયના વધુમાં વધુ ૩૦ મીનીટ પહેલા પાણી પુરવઠાના વિતરણના સમયે દરેક વાલ્વ ખોલી જવા જોઈએ. તે જ પ્રમાણે પાણી પુરવઠાનો સમય પુરો થયેથી મોડામાં મોડા ૩૦ મીનીટમાં દરેક વાલ્વ બંધ કરી દેવાના રહેશે.

(૩૦) જો મોટર બગડે કે અન્ય વીજ ઉપકરણને કારણે પાણી સપ્લાય થઈ શકે તેમ ન હોય, તો તાકીદે ચેક કરી અત્રેનાં લાઈટ વિભાગને જણ કરવાની રહેશે.

**sd/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–બી(કનકપુર)**
**સુરત મહાનગરપાલિકા**